# ALL INDIA MAHESHWARI MEGHWAR YOUTH FEDERATION

# અખિલ ભારતીય મહેશ્વરી મેઘવાર યુવા મહાસંઘ

બારમતી પંથ પૂજક મહેશ્વરી મેઘવાર સમાજ અનેક શતાબ્દીઓથી કચ્છ, હાલાર, સિંધમાં વસવાટ કરે છે. પૂજ્ય શ્રી ધણી માતંગદેવે નરવેદ યજ્ઞ કરી પછાત જાતિઓના લોકોને સંગઠિત કરી આશરે ૯૦૦ થી ૧૦૦૦ વર્ષ પૂર્વે ધર્મ અને કર્મનો સહિયારો ઉન્નતિનો માર્ગ આપ્યો. આ કોઈ નાની સુની વાત નથી. પૂજ્ય માતંગ દેવ દ્વારા ચલાવેલી ક્રાન્તિ થકી જ આજે આપણી પાસે પોતાનો સ્વતંત્ર ધર્મ છે. સ્વતંત્ર ધર્મ હોવાથી આપણે બીજા ધર્મોની જેમ પ્રગતિ સાધી શકીએ છીએ. પછાતપણા તથા આર્થિક અસંપન્નતાના કારણે આપણે ધારી પ્રગતિ નથી શાધી શકયા, પણ વર્તમાન સમયમાં આપણી પાસે જ્ઞાન, પૈસો, માનવ બળ તથા રાજકીય/શાષકીય શકિત છે. આ બધાનો સરવાળો કરીએ તો આપણી પાસે પોતાનું રાષ્ટ્રીય સ્તરનું સંગઠન હોવું અત્યંત આવશ્યક છે, જેથી આપણે સ્વતંત્રપણે આપણી પ્રગતિ અસરકારક રીતે સાધ્ય કરી શકીએ.

મહેશ્વરી મેઘવાર સમુદાય સૌરાષ્ટ્ર, હાલાર, મુંબઈ, કરાંચી અને મુખ્યત્વે કચ્છમાં વધુ વસ્તી ધરાવે છે. રાષ્ટ્રીય સ્તર પર આપણી વસ્તી ૪ (ચાર) લાખ જેટલી છે. એમાંથી એકલા કચ્છમાંજ આપણી વસ્તી ૨.૫ (અઢી) લાખ જેટલી છે. વિશેષમાં આટલી મોટી જન સંખ્યામાં ૭૦% વસ્તી યુવાનોની છે. આટલી મોટી યુવા શકિત જોતા, અમે આપણા સંગઠનનું નામ "અખિલ ભારતીય મહેશ્વરી મેઘવાર યુવા મહાસંઘ" રાખ્યું છે. જેનું ટૂંક સમયમાં રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ ક્રાન્તિકારી ચળવળમાં અમે સમાજના વડિલો, વણજારાઓ, માતંગ સમુદાય તથા નિવૃત્ત સરકારી કર્મચારીઓનું સતત માર્ગદર્શન લેતા રહીશું તથા તેઓને વિવિધ સમિતિઓમાં સલાહકારનું બિરુદ આપશું.

**"અખિલ ભારતીય મહેશ્વરી મેઘવાર યુવા મહાસંઘ"** સંપૂર્ણ રીતે બિનરાજકીય સંગઠન રહેશે, જે ધર્મનિરપેક્ષ તથા ભાઈચારાના સિદ્ધાંત પર કાર્ય કરશે, તેમજ બધા પછાત જાતીઓના ગરીબ અને જરૂરતમંદ લોકોને સામાજીક, શૈક્ષણિક, આર્થિક વિકાસ સર કરવાની તક પુરી પાડશે.

## યુવા મહાસંઘની મુખ્ય ગતિવિધીઓ

૧) મહેશ્વરી મેઘવાર સમાજનું પોતાનું સ્વતંત્ર સમાચારપત્ર ચલાવવું.

૨) ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની સ્કૂલો ચાલુ કરવી તેમાં પ્રથમ પસંદગી ગામડાઓને આપવામાં આવશે જેથી ગ્રામસ્તર પર બધા પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણ આપી શકાય.

૩) જિલ્લા સ્તર પર રાત્રી સ્કૂલ તથા રાત્રી કોલેજ શરૂ કરવી જેથી ગરીબ તથા નોકરિયાત વિદ્યાર્થીઓ પણ અભ્યાસ લઈ શકે.

૪) વિવિધ સ્થળે કન્યા/કુમાર છાત્રાલયોનું નિર્માણ કરવું.

૫) દરેક ૧૦ (દસ) ગામડા દીઠ એક અંગ્રેજી સ્પીકીંગ કલાસ ચાલુ કરવૂં જેથી ગામડા સ્તર પર આપણા વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલતા આવડી શકે અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પ્રવાહમાં જોડાઈ શકે.

૬) જરૂરતમંદ તેજસ્વી છાત્રોને શિષ્યવૃત્તિ આપવામાં આવશે જેથી તેઓ ગુણવત્તાયુકત શિક્ષણ મેળવી શકે.

૭) વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપીને ઉચ્ચ શિક્ષણ તથા વિવિધ વિષયોમાં ડોકટરેટ (PHD) થવા પ્રેરિત કરી જરૂરત પ્રમાણે સહાય કરવામાં આવશે.

૮) સમાજમાં શ્રેષ્ઠ– ઉમદા પ્રદાન કરનાર મહાનુભાવોનું જાહેરમાં સન્માન કરવું.

૯) ખ્યાતિ પ્રાપ્ત રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ ભણાવવા માટે આર્થિક મદદ કરવી, શૈક્ષણિક વાતાવરણ પુરૂ પાડવું.

૧૦) બારમતી પંથ જ્ઞાતિ સાહિત્યને સંકલન કરી ક્રમબધ્ધ કરવું તથા તેનુ કોપીરાઈટ/પેટન્ટ કરાવવું. આ કાર્ય માતંગ સમુદાય તથા જ્ઞાની બંધૂઓના માર્ગદર્શન હેઠળ કરાશે.

૧૧) પૂજ્ય મામઈદેવ કથિત ગિનાન શીખવવા માટે કલાસીસ ચાલુ કરી ધર્મ શિક્ષણ આપવું.

૧૨) પોતાની સ્વતંત્ર કો–ઓપરેટિવ બેંકો ચાલુ કરવી, જેથી અમુક પ્રમાણમાં આપણા યુવાનો માટે રોજગારી ઉત્પન્ન કરી શકાય.

૧૩) સમાજના ગરીબ વ્યક્તિઓને અત્યંત જરૂરી કૌટુંબિક વિકાસ માટે નજીવા દરે આર્થિક સહાય આપવા પ્રયાસ કરવામાં આવશે.

૧૪) અનેક લોકોપયોગી કાર્યો જેવા કે, નર્સરી/બાલવાડી/લાયબ્રેરીઓ/ સંશોધન કેન્દ્રો તથા હાલમાં કાર્યરત છાત્રાલયોને માળખાકીય સુવિધાઓ મહાસંઘ દ્વારા પુરી પાડવામાં આવશે.

૧૫) પર્સનાલીટી ડેવલોપમેન્ટના કલાસીસ તાલુકા દીઠ સમયાંતરે ચાલુ કરવામાં આવશે.

૧૬) આપણા યુવાનોને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે, બેંકિંગ, સ્ટાફ સિલેકશન, UPSC/GPSC (IAS, IPS, IFS, IRS) પરીક્ષાઓ વિશે સંપૂર્ણ માહિતી આપવી તથા સ્પર્ધાત્મક ટ્રેનિંગ સેન્ટર ચાલુ કરવામાં આવશે જેથી તેઓ પણ સરકારી વહીવટી ક્ષેત્રે ખૂબ ઉંચા હોદ્દા ઉપર જઈ શકે અને આપણા સમાજનું કાર્યપાલિકામાં વહીવટી પ્રતિનિધિત્વ કરી શકે.

૧૭) સ્વાસ્થ્ય જાગૃતિ વિશે દરેક જગ્યાએ કાર્યક્રમો ચલાવવા, વ્યસન મુકિત અભિયાન ચલાવવું જેથી આપણા યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂક રહે.

૧૮) કેન્દ્રીય તથા રાજય સરકારની વિવિધ આર્થિક, શૈક્ષણિક યોજનાઓ વિશે યુવાનોને માહિતી પુરી પાડવી તથા તેમને આ સરકારી યોજનાઓનો લાભ લેવા પુરતો સહયોગ આપવો.

૧૯) આયકર વિભાગ દ્વારા સેકશન 80(G) ની માન્યતા પ્રાપ્ત કરવી જેથી આપણા મહાસંઘને દાન આપનારા કર્મચારીઓને કર રાહતનો લાભ આપી શકાય.

૨૦) દર વર્ષે આપણા મહાસંઘનું રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવું જેથી રાષ્ટ્રીય સ્તર પર બધા વિસ્તારોના લોકો મળી શકીએ અને સમાજને લગતી વિવિધ વિષયો પર ચર્ચા કરી જે તે સમસ્યાનું નિરાકરણ કરી શકાય.

૨૧) પસંદગી મેળાનું આયોજન કરવું જેથી આપણા સમાજના યુવક–યુવતીઓ યોગ્ય પાત્રની પસંદગી કરવા સરળતા મળી રહે. ઈન્ટરનેટ પર આપણા સમાજની મેટ્રિમોનિયલ વેબસાઈટ પણ બનાવવામાં આવશે.
**નોંધ :– (આ એજન્ડા વિશે યુવક–યુવતીઓ તરફથી સલાહ સુચના આવકાર્ય રહેશે.)**

૨૨) સૌરાષ્ટ્ર, જામનગર, અમદાવાદ, રાજકોટ, મુંબઈ વગેરે વિસ્તારોમાં વસતા આપણા લોકોને કારોબારી કમીટીઓ થકી મહાસંઘની રાષ્ટ્રીય કાર્યકારિણિમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે.

૨૩) જે તે વિસ્તારમાં અતિ યોગ્ય, ઉત્સાહી હુન્નરવાન વિદ્યાર્થીઓ/વ્યકિતઓને પારખી એમના હુન્નરને પૂર્ણ વિકસિત કરવા પુરતો સહયોગ આપવામાં આવશે.

૨૪) આપણા સમાજના યુવાન/યુવતીઓ માટે વિવિધ સ્તરે ખેલકૂદ (Sports), સંગીત, જ્ઞાન– નિબંધ સ્પર્ધાઓ યોજવામાં આવશે જેથી આપણાં યુવાનો રાજય/રાષ્ટ્રીય સ્તરે અનેકવિધ પ્રતિયોગિતાઓમાં પણ ભાગ લઈ શકે. કલા અને મનોરંજન ક્ષેત્રે પણ યુવાનો/યુવતીઓને પુરતું પ્રોત્સાહન તથા મદદ આપવામાં આવશે.

૨૫) ઈતિહાસની બુકોમાં આપણા ધર્મગુરૂઓ પ્રત્યે થયેલા અન્યાય જોતા, અધુરા ઈતિહાસને સાચા અર્થમાં સુધારા વધારા કરાવવું તથા વિશ્વ કક્ષાના પુસ્તકો લખવા યુવાનોને પ્રેરિત કરવા તથા પૂજય મામઈદેવની વ્યાપક આગમવાણિઓને વિશ્વ સમક્ષ મુકવું.

૨૬) વિવિધ સ્તરે યોજાતા ધાર્મિક સેમિનારોમાં બારમતી પંથ વતી પ્રતિનિધિત્વ કરવા વિદ્વાન વ્યકિતઓને પ્રોત્સાહન આપી સંપૂર્ણ સહયોગ આપવો.

૨૭) **'દસોંધ'** નું ભંડોળ એકત્રિત કરવા રાષ્ટ્રીય સ્તરનું દસોંધ ટ્રસ્ટ બનાવી, મામઈદેવ જ્ઞાન આધારિત 'દેસોંધ' નું અમલીકરણ કરાવવું જેથી દર વર્ષે એક મોટું આર્થિક ભંડોળ ભેગુ કરી શકાય. આ ભંડોળનું ૧૦% ભાગ દર વર્ષે આપણા 'લાલણપીરશ્રી' સાહેબ, 'અધપીર' સાહેબ તથા 'પા પીર' સાહેબોને યોગ્ય અનુપાતમાં આપવું જેથી આપણા ધર્મગુરૂઓ પણ વૈભવી ઠાઠમાઠ જાળવી શકે.

૨૮) મહાસંઘ મારફત એક લીગલ સેલ બનાવવામાં આવશે જેથી સમાજને લગતા વિષયોને ન્યાય અપાવવા વિવિધ ન્યાયાલયોમાં જરૂરીયાત જણાતા કેસ ચલાવવામાં આવશે.

૨૯) આપઘાત, છુટાછેડા, સગપણ ફોક જેવા મુદ્દાઓના નિવારણ માટે મનોવિજ્ઞાનિક પદ્ધતિથી સમજાવવા માટે વિવિધ વિસ્તારોમાં કાઉન્સલિંગ સેન્ટરો ચાલુ કરવામાં આવશે.

૩૦) બેરોજગાર યુવકોને આપણા વિવિધ સાહસોમાં પ્રશિક્ષક/ટ્રેનર તરીકે નિયુકત કરી પગાર આપવામાં આવશે.

૩૧) આપણી સામાજીક સમસ્યાઓને લગતી દરેક ગતિવિધીઓ, જે ધ્યાન પર આવશે તેને પણ આવરી લેવામાં આવશે.

ઉપર બતાવેલ એજન્ડાઓનું અમલીકરણ મહાસંઘનું આર્થિક ભંડોળ તથા કાર્યકર્તાઓની સંખ્યાને ધ્યાને રાખી કરવામાં આવશે. પહેલા ચરણમાં ૧૦,૦૦૦ મેમ્બર બનાવવામાં આવશે. દરેક મેમ્બર દિઠ રૂા. ૧૦૦/– વાર્ષિક મેમ્બરશીપ ફી લેવામાં આવશે.

આથી મહેશ્વરી મેઘવાર સમાજના તમામ ભણેલા યુવાનો/યુવતીઓને આહ્વાન કરવામાં આવે છે કે આ મહાન કાર્યમાં મેમ્બર બનો જેથી આપણું મહાસંઘ ભારતનું સૌથી વધુ મેમ્બરશીપ ધરાવતું યુવા સંગઠન બની શકે. વ્યકિતગત વાદ–વિવાદ ભૂલીને આ સંગઠનમાં મોટી સંખ્યામાં જોડાવા માટે અપીલ કરવામાં આવે છે. આપણા સંગઠનની આવનારી મિટિંગો નલીયા, માંડવી, નખત્રાણા, મુન્દ્રા અને અંતે ગાંધીધામ ખાતે રાખવામાં આવશે. ત્યારપછી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જો આપણી સંખ્યા ૫૦૦ **કાર્યકર્તાઓની થશે ત્યારેજ રજીસ્ટ્રેશન કરવામાં આવશે અન્યથા નહિં. માટે મેમ્બર બનવા નીચે જણાવેલ નંબર** ઉપર સંપર્ક કરી મેમ્બર બનો.

આપના કૃપાભિલાશી,

| GANDHIDHAM/ANJAR | | BHUJ | |
|---|---|---|---|
| NAVIN K. BHOIYA<br>B.COM, MA (PART-I) | 9913492945 | ASHISH R. BHERYA<br>COMMERCIAL PILOT | 9898357004 |
| KANTILAL VINJODA<br>B.A. (ECO) & PGDCA | 9374449516 | BHACHU SINCH<br>B.A.[KUKMA] | 9925846217 |
| KISHAN S. SIJU<br>B.COM | 9879300917 | BHARAT DAFDA<br>B.E. (MECH) | 9909017444 |
| DAMJI DHELA<br>MA, LLB (RUN) | 9227889801 | BHARAT S. DUGADIA<br>M.COM, C.A. (INTER) | 9726461521 |
| JIVRAJ SAMIYA<br>B.A. | 9924738388 | DAMJI MUCHADIYA<br>MIDDLE SCHOOL | 9909477921 |
| KHIMJI H DORU<br>B.COM, LLB. | 9925212996 | DINESH GARVA<br>B.A., PGDHRM | 9925313480 |
| JETHALAL A DHEDA<br>B.A., LL.B. | 9925640695 | KHIM DHUA<br>BCA | 9374280804 |
| PAPPU S. BAGDA<br>MIDDLE SCHOOL | 9879378894 | LAKSHMAN SUNDHA<br>LLB [KUKMA] | 9978735617 |
| RAJESH J. SANJOT<br>MBA (MKT & HR) | 9662051543 | LALJI A. GIDA<br>B.SC (CHEMISTRY) | 9428818753 |
| SURESH K. JINJAK<br>MBA, DBA, DEM | 9825096011 | LAKHAN JINJAK<br>B.A., MA-I (RUN) | 9924095731 |
| AMRUTLAL J. THARU<br>M.A., B.ED. [ANJAR] | 9979576280 | SURESH P DANGERA<br>TYBA | 9377794615 |
| VISHANJI SINGRAKHIYA<br>HSC [ANJAR] | 9638940204 | NAVIN M DHORIYA<br>(DESHALPAR) | 9925990850 |
| MANDVI/MUNDRA/NALIYA | | | |
| AMRUT D. VADA<br>BA, LLB, ITI, MBA-RUN | 9978916654 | MANGAL K. KHANKHLA<br>HSC [MUNDRA] | 9978918755 |
| DHANJI S CHANDE<br>B.A., B.ED. | 9429297180 | DEVSHI DANICHA<br>(MUNDRA) | 9427443999 |
| DINESH K MUCHADIYA<br>B.A. LLB. | 9428567808 | NITIN JEPAR<br>HSC [NALIYA] | 9825678512 |
| MAHESH KENIYA<br>B.A., ITI (STENO) | 8141656333 | RAVI DHEDA (PANDHRO)<br>MA, MBA (RUN) | 9879600342 |
| MANISH P MANGLIYA<br>B.COM, LLB. [MANDVI] | 9925853201 | DHARMENDRA DHEDA<br>(MUNDRA) | 9427407304 |
| MOHAN FUFAL<br>MA, B.ED. [MANDVI] | 9429297547 | VINDO G FUFAL,<br>M.A., B.Ed (MANDVI) | 9726763368 |
| NARESH D DHEDA<br>B.COM [MANDVI] | 9879083539 | VIRJI K FULIYA (MANDVI) | 9727738561 |
| RAVI LAMBA (MANDVI) | 9879359956 | KALYANJI DUNGARKHIYA<br>(MANDVI) | 9429040310 |

**રાષ્ટ્રીય સલાહકાર : પ્રોફેસર એલ.વી. ફુફલ સાહેબ,**
**Principal, B.Ed. College, Mundra & Dean – Education Faculty, K.S.K.V. Kachchh University, Bhuj.**

**----------XXXXX----------**